# સુપરિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ કમ એકત્રીકરણ અધિકારીની કચેરી,જામનગર

જિલ્લા સેવા સદન–૩,પહેલા માળે,લાલ બંગલા કમ્પાઉન્ડ,જિલ્લો : જામનગર–૩૬૧૦૦૧

ફોન/ફેકસ નંબર–(૦૨૮૮)૨૬૭૭૧૯૯

**ગુજરાત રાજય**

---

નં. જમન-૧૪૨/રી-સરવે/ ચકાસણી અહેવાલ/૨૦૧૮-૧૯ — તા. ૧૮/૦૮/૨૦૧૮

પ્રતિ,
શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ,
ગુજરાત રાજય, ગાંધીનગર

વિષય :- જામનગર અને દેવભૂમિ દવારકા જીલ્લાના રી-સરવે કામગીરી સંલગ્ન પ્રશ્નો બાબતે

સંદર્ભ :-(૧) ખાસ ફરજપરના અધિ કારીશ્રી, (જ.દ.), સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં. .એલઆર-૧૩૬૨/૨૦૧૮-૧૯, તા. ૨૨/૦૬/૨૦૧૮.

(૨) આપશ્રીના પત્ર નં. એલઆર-૧૩૬૨/૨૦૧૮-૧૯, તા. ૦૨/૦૮/૨૦૧૮.

(૩)ડી.ઇ.લે.રે.શ્રી જામનગરના પત્ર નં. ડીએસઓ/ રી-સરવે/પીપર /પુન: ચકાસણી માપણી/અહેવાલ/૨૦૧૮-૧૯, તા૧૩/૦૮/૨૦૧૮.

(૪) અત્રેના પત્ર નં.જમન-૧૩૩/રી-સરવે/૨૦૧૬-૧૭, તા. ૧૬/૦૨/૨૦૧૭.

(૫)અત્રેના પત્ર નં. જમન-૧૩૭/રી-સરવે/૨૦૧૮-૧૯, તા.૦૯/૦૭/૨૦૧૮

(૬)આઇ.આઇ.સી. ટેકનોલોજીસ પ્રા.લી. હૈદરાબાદ(રી-સરવે એજન્સી) સાથે તા.૧૯/૦૧/૨૦૧૦ ના થયેલ કરારની નકલ

(૭) વિપ્રો લીમીટેડ. અમદાવાદ (રી-સરવે કન્સલટીંગ એજન્સી) સાથે તા૦૮/૧૨/૨૦૦૮ ના થયેલ કરારની નકલ

(૮)આપશ્રીના હુકમ નં. એલઆર-૧૩૬૨/રી-સરવે/જામનગર/વિપ્રો એજન્સી/૧૧-૧૨, તા. ૩૦/૦૩/૨૦૧૨

સાદર,

જામનગર જીલ્લામાં ખેતીની જમીનોના રી-સરવે કરી રેકર્ડ તૈયાર કરવાની કામગીરી સંદર્ભ-૬ મુજબ આઇ.આઇ.સી.ટેકનોલોજીસ પ્રા.લી. હૈદરાબાદને સોંપવામાં આવેલ છે. આ કામગીરી એજન્સીએ એક નકકી કરેલ ગુણવતા એટલેકે ૧૫ સે.મી. વધુ / ઓછા વાળુ રેકર્ડ તૈયાર કરી ડી.ઇ.લે.રે. કચેરીમાં રજુ કરવાનું થાય છે. જામનગર જીલ્લાના આર્.એફ.પી.ના પાના નં. ૫૪ ની નકલ આ સાથે સામેલ છે.

રી-સરવે એજન્સી આઇ.આઇ.સી.ટેકનોલોજીસપ્રા.લી. હૈદરાબાદ દવારા નકકી થયેલ ગુણવતાવાળુ રેકર્ડ તૈયાર કરવામાં આવે છે. કે કેમ? તેની ચકાસણી કરવા માટે કન્સલટીંગ એજન્સી તરીકે વિપ્રો લીમીટેડ. અમદાવાદની સંદર્ભ-૭ મુજબ નિમણુંક કરવામાં આવેલ છે. અને વિપ્રો લીમીટેડ. અમદાવાદ દવારા કરવામાં આવેલ કામગીરી બાબતે પેમેન્ટ ચુકવવા સંદર્ભ-૮ થી હુકમ થયેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

માહિતી અધિકારી,
અધિનીયમ ૨૦૦૫
અન્વયે ઝેરોક્ષ કોપી

એકયુરસી કરતા અનેકગણી વધુ ભુલો આવેલી છે. એકયુરસી પણ જુના રેકર્ડ જેટલી નથી. આમ સરવે રેકર્ડ તૈયાર કરવાનો ખરો હેતુ સિધ્ધ થતો નથી.

<u>કબજા ફેરફાર :-</u> પીપર ગામના કુલ ૧૦૯૪ રે.સ.ન.ની ફેર માપણી કરવામાં આવેલ છે. એજન્સી દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડ સાથે મેળવણુ કરતા ૫૪૪ રે.સ.ન.ની આકુતીફેરફાર/ કબજાફેરફાર થયેલ છે.. આમ એજન્સી દવારા તૈયાર થયેલ રેકર્ડમાં ૪૯.૭૨ ટકા આકુતી કબજાફેરફાર/ આકુતી ફેરફારની ભુલ છે.

<u>ગ્રીડના પત્થરો :-</u> પીપર ગામનું કુલ ક્ષેત્રફળ હે. આરે. ચો.મી. ૧૮૫૬-૫૪-૨૬ છે. જેના હીસાબે કુલ ૩૭ ગ્રીડના પત્થરો દાખલ કરવાના થાય છે. સંદર્ભ -૩ વાળા રીપોર્ટ મુજબ સ્થાનીકે એકપણ પત્થર ઉપલબ્ધ નથી.

<u>ટોપોલોજીકલ ફીચર :-</u> સ્થાનીકે કુવા, બોર, મકાન, ઝાડ જેવા ટોપોલોજીકલ ફીચર એજન્સીએ તૈયાર કરેલ રેકર્ડ મુજબ ૨૨ છે. સંદર્ભ -૩ વાળા રીપોર્ટ મુજબ સ્થાનીકે ૧૨૬૭ ટોપોલોજીકલ ફીચર આવેલા છે.

<u>દબાણ રજીસ્ટર ૪(૧) :-</u> એજન્સી દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડ મુજબ એકપણ સરકારી જમીનમાં દબાણ આવેલ નથી. જયારે સંદર્ભ -૩ વાળા રીપોર્ટ મુજબ સ્થાનીકે ૨૧૪ સરકારી જમીન પર દબાણો આવેલા છે.

<u>દબાણ રજીસ્ટર ૪(૨) :-</u> એજન્સી દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડ મુજબ ૪૫ સ્થાનીકે કબજો આવેલો નથી. પરંતુ ગામ નમુના નં. ૭ માં દાખલ છે. જયારે સંદર્ભ -૩ વાળા રીપોર્ટ મુજબ સ્થાનીકે આવા રે.સ.ન. ની ખરાઇ કરતા ૪૫ પૈકી ૨૮ રે.સ.ન.માં સ્થાનીકે કબજો આવેલો છે. જેની માપણી કરવામાં આવેલ છે. આખા જામનગર જીલ્લામાં આવા ૧૯૮૧૮ રે.સ.ન.માં એજન્સી દવારા સ્થાનીકે કબજો દર્શાવેલ નથી. તેમ કરી રેકર્ડ તૈયાર કરવામાં આવેલ નથી.

<u>દબાણ રજીસ્ટર ૪(૩) :-</u> એજન્સી દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડ મુજબ એકપણ રે.સ.ન.ના ગામ નમુના નં ૭ વિરુધ્ધ કબજા આવેલ નથી.. જયારે સંદર્ભ -૩ વાળા રીપોર્ટ મુજબ સ્થાનીકે ૨૯ રે.સ.ન.માં ગામ નમુના નં ૭ વિરુધ્ધ ( જના અવલ-દોમ) કબજા આવેલ છે.

<u>સંયુકત કબજાઓ :-</u> એજન્સી દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડ મુજબ એકપણ રે.સ.ન.ના સંયુકત કબજા આવેલ નથી.. જયારે સંદર્ભ -૩ વાળા રીપોર્ટ મુજબ સ્થાનીકે ૭૬ રે.સ.ન.માં સંયુકત કબજા આવેલ છે.

<u>૫ ટકા ક્ષેત્રફળ તફાવત :-</u> એજન્સી દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડ મુજબ ૧૫૧ રે.સ.ન.માં ૫ ટકા કરતા વધુ ક્ષેત્રફળ તફાવત છે.. જયારે સંદર્ભ -૩ વાળા રીપોર્ટ મુજબ સ્થાનીકે ૪૧૩ રે.સ.ન.માં ૫ ટકા કરતા વધુ ક્ષેત્રફળ તફાવત છે.

આમ ડી.ઇ.લે.રે. કચેરી દવારા ફેરમાપણી થતા રી-સરવે એજન્સી દવારા તૈયાર થયેલ રેકર્ડ સાથે મેળવણુ કરતા એકપણ કીસ્સામાં રી-સરવે એજન્સીએ તૈયાર કરેલ રેકર્ડ ખરૂ માલુમ પડેલ નથી. તેમજ રી-સરવે મેન્યુલની જોગવાઇઓ મુજબની એકયુરસીવાળૂ માલુમ પડેલ નથી. તેમજ રી-સરવે એજન્સી દવારા તૈયાર થયેલ રેકર્ડ બાબતે લોકોની રજુઆત મુજબ રી-સરવેની માપણી માટે ગામે કોઇ એજન્સીના કર્મચારીઓ આવેલ નથી. અને રી-સરવે એજન્સી દવારા તૈયાર થયેલ રેકર્ડની ભુલો જોતા એજન્સીએ ગામે માપણી કરયા સીવાઇ લેબમાં બેસીને ગુગલ મેપના આધાર લઇને તૈયાર કરેલ હોવાનુ માનવાને પાત્ર છે.

એજન્સી દવારા રી-સરવે રેકર્ડ તૈયાર કરવામાં અપેક્ષીત / ટેન્ડરની જોગવાઇ મુજબની એકયુરસીવાળુ રેકર્ડ તૈયાર કરવામાં આવેલ નથી. એજન્સી દવારા ખોટી અને નબળી કામગીરી કરવામાં આવેલ છે. અને એજન્સી દવારા સદરહુ રેકર્ડ તૈયાર કરવામાં આવેલ હોય અને આ કામગીરી કરવા એજન્સીને ટેન્ડરની જોગવાઇ મુજબ મેહનતાણુ ચુકવાયેલ હોય, આમ રી-સરવે એજન્સી આઇ.આઇ.સી.



માહિતી અધિકારી,
અધિનીયમ ૨૦૦૫
... એ ઝેરોક્ષ ...

જામનગર જીલ્લાની રી-સરવે રેકર્ડ તૈયાર કરવાની કામગીરીની ગુણવતા નબળી હોય જે અંગે આપશ્રીને અગાઉ સંદર્ભ પત્ર -૪ અને ૫ થી વિગતવાર પુરાવાસહ અહેવાલ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

જામનગર જીલ્લામાં કુલ -૪૨૩ ગામો આવેલ છે. તે પૈકી જામનગર તાલુકાના જામનગર, બેડી, નવાગામ-ઘેડ, વીભાપર કુલ -૪ ગામો મહાનગરપાલીકાના હદ સુધી સીટી સરવે દાખલ કરવાની કામગીરીમાં સમાવેશ થતો રી-સરવે રેકર્ડ તૈયાર કરવાને પાત્ર નથી. જયારે ધ્રોલ તાલુકાના ધ્રોલ અને લતીપુર તથા લાલપુર તાલુકાના વાવડી ગામના રેકડ તૈયાર કરી પ્રમોલગેશન કરવાની કામગીરી ચાલુમાં છે. જયારે બાકીના તમામ ૪૧૬ ગામોના રી-સરવે રેકર્ડ તૈયાર થઇ રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી પુર્ણ થયેલ છે. આ રેકર્ડ પ્રમોલગેશન થયેલ કુલ ૪૧૬ ગામોમાં હાલે કુલ -૨૫૩૪૦ ખાતેદારો તરફથી રી-સરવે કામગીરીમાં ભુલ હોય સુધારો કરવા અત્રેને વાંધા અરજી રજુ થયેલ છે. અને હાલમાં કાયમી ૨૫ થી ૩૦ વાંધા અરજીઓ હજુ આવક છે. આમ ખાતેદારો તરફથી રજુ થયેલ ૨૫૩૪૦ વાંધા અરજી પૈકી ૧૧૩૨૩ નો ફેરમાપણી કરી નિકાલ કરવામાં આવેલ છે. વાંધા અરજીઓ અન્વયે ફેરમાપણી કરતા રી-સરવે એજન્સી દવારા તૈયાર કરવામાં આવેલ રેકર્ડ સાથે એકપણ કિસ્સામાં સુસંગત થયેલ નથી. આમ એજન્સી દવારા તૈયાર થયેલ રેકર્ડમાં અસંખ્ય ક્ષતીઓ રહી ગયેલ હોય જેની અરજદાર દવારા રજુઆત આપની કક્ષાએ, માનનીય મંત્રીશ્રી પાસે થયેલ છે. જેથી આપના સંદર્ભ પત્ર ૨ અને ૩ મુજબ પ્રાયોગીક ધોરણે જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના પીપર ગામના તમામ રે.સ.નની ફેરમાપણી ડી.ઇ.લે.રે. કચેરીના સરવેયર મારફતે કરી અહેવાલ રજુ કરવા જણાવેલ છે.

જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના પીપર ગામના તમામ રે.સ.ન.ની ડી.ઇ.લે.રે. જામનગર મારફતે ફેરમાપણી કરી,અત્રેને સંદર્ભ-૩ થી પુરાવાસહ અહેવાલ કરવામાં આવેલ છે. સદર અહેવાલની વિગતે રી-સરવે એજન્સી દવારા તૈયાર કરવામાં આવેલ રેકર્ડમાં નિચેની વિગતે ક્ષતિઓ માલુમ પડેલ છે.

| ક્રમ | વિગત | રી-સરવે એજન્સીએ તૈયાર કરેલ રેકર્ડ મુજબ | ડી.ઇ.લે.રે. કચેરી દવારા ચકાસણી મુજબ | રી-સરવે એજન્સીની ભુલની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | આકુતી ફેરફાર | ૧૦૯૪ | ૧૦૯૪ | ૧૦૦.૦૦ ટકા |
| ૨ | કબજા ફેરફાર | ૧૦૯૪ | ૫૪૪ | ૪૯.૭૨ ટકા |
| ૩ | ગ્રીડના પત્થરો | ૩૭ | ૦ | ૧૦૦.૦૦ ટકા |
| ૪ | ટોપોલોજીકલ ફીચર | ૨૨ | ૧૨૬૭ | |
| ૫ | ૪ (૧) રજીસ્ટર | ૦ | ૨૧૪ | |
| ૬ | ૪ (૨) રજીસ્ટર | ૪૫ | ૨૮ | ૬૨.૦૦૦ ટકા |
| ૭ | ૪ (૩) રજીસ્ટર | ૦ | ૨૯ | |
| ૮ | સંયુકત કબજાઓ | ૦ | ૭૬ | |
| ૯ | ક્ષેત્રફળ તફાવત ૫ ટકાથીવધુ | ૧૩૭ | ૧૯૮ | |
| ૧૦ | ક્ષેત્રફળ તફાવત ૫ટકાથી ઓછો | ૧૪ | ૨૧૫ | |

<u>આકુતી ફેરફાર :-</u> પીપર ગામના કુલ ૧૦૯૪ રે.સ.ન.ની ફેર માપણી કરવામાં આવેલ છે. એજન્સી દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડ સાથે મેળવણુ કરતા એકપણ રે.સ.ન.ની આકુતી સુસંગત થતી નથી. આમ એજન્સી દવારા તૈયાર થયેલ રેકર્ડમાં ૧૦૦ ટકા આકુતી ફેરફારની ભુલ છે. જામનગર જીલ્લાના આર.એફ.પી. જોગવાઇ મુજબ ૧૫ સે.મી. વધુ ભુલ ન હોવી જોઇયે. પરંતુ એજન્સી. દવારા તૈયાર થઇ પ્રમોલગેશન થયેલ રેકર્ડમાં અગાઉ સને ૧૮૯૫ થી ૧૯૧૫ માં તૈયાર થયેલ રેકર્ડની

માહિતી અધિકારી,
અધિનીયમ ૨૦૦૫
અન્વયે ઝેરોક્ષ કોપી



Scanned by CamScanner

Scanned by CamScanner

ટેકનોલોજીસ પ્રા.લી. દવારા રી-સરવે રેકર્ડ તૈયાર કરવામાં આવેલ છે. અને આ તૈયાર કરવામાં આવેલ રેકર્ડ ઉપર વિપ્રો એજન્સીઝ અમદાવાદને ચકાસણીની કામગીરી સોંપવામાં આવેલ હતી. આમ રી-સરવે રેકર્ડ તૈયાર કરવામાં તથા તૈયાર થયેલ રેકર્ડની ચકાસણી કરવામાં બે એજન્સીઓની નિમણુંક કરવામાં આવેલ હોવા છતા રી-સરવે એજન્સી દવારા ક્ષતીયુકત રેકર્ડ તૈયાર કરવામાં આવેલ છે. આમ ક્ષતીઓવાળુ રેકર્ડ તૈયાર કરવા બાબતે રી-સરવે રેકર્ડ તૈયાર કરનાર એજન્સી આઇ.આઇ.સી. ટેકનોલોજીસ પ્રા.લી. તેમજ ચકાસણી કરનાર એજન્સી વિપ્રો એજન્સીઝ અમદાવાદની જવાબદારી નકકી કરવાને પાત્ર છે. રી-સરવે એજન્સી દવારા ક્ષતીયુકત રેકર્ડ તૈયાર થતા અરજદારો તરફથી વાંધા અરજીઓ આવેલ છે. અને આર.એફ.પી.ની જોગવાઇઓ ક્ષતીયુકત રેકર્ડ સુધારવાની જવાબદારી રી-સરવે રેકર્ડ તૈયાર કરનાર એજન્સની થાય છે. તેમ છતા હાલ આવી વાંધા અરજીઓનો નિકાલ ડી.ઇ.લે.રે. કચેરીના સ્ટાફ મારફતે કરવામાં આવે છે. આ વાંધા અરજીઓના નિકાલ કરવામાં સરકારશ્રીના કર્મચારી તથા સમયનો વ્યય થાય છે. અને ભવિષ્યમાં નાણાકીય પ્રશ્રન ઉદભવી શકે તે બાબતને ગંભીર ગણી શકાય જેની જાણ કરવામાં આવે છે.

હાલે વાંધા અરજીઓના નિકાલ બાબતે દરરોજ ૪ થી ૫ અરજદારો અમારી મુલાકાત લઇ રી-સરવે રેકર્ડ ખોટુ હોવા બાબતે રજુઆત કરે છે. આ અરજદારોએ ફેઇસ કરવા મુશ્કેલ છે. અમુક અરજદારોએ તો આત્મવીલોપન કરવા સુધીની ધમકી પણ આપેલ છે. ખોટા રેકર્ડ તૈયાર થવાના કારણે લોકોમાં પરસ્પર જમીનોની હદ/ક્ષેત્રફળ અને કબજાઓ બાબતે વિવાદ ઉભા થયેલ છે. જેથી ભવિષ્યમાં રી-સરવે રેકર્ડના કારણે કાયદો અને વ્યવસ્થાની ગંભીર પરિસિથતી ઉપસ્થીત થવાની પુરેપુરી શકયતાઓ છે. જે જાણી રી-સરવે એજન્સી સામે પગલા લેવા તથા એજન્સીના સમયે અને ખર્ચે રી-સરવે રેકર્ડ ફરીથી તૈયાર કરાવવા આગળની ધોરણસરની કાર્યવાહી થવા વિનંતી છે.


બિડાણ :- સંદર્ભ પત્ર -૩ થી ૮

સુપરિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ
કમ એકત્રીકરણ અધિકારી
જામનગર

નકલ સાદર રવાના :- શ્રી કલેકટર સાહેબ, જામનગર તરફ જાણ તથા જરુરી તજવીજ થવા સારુ.

માહિતી અધિકારી,
અધિનીયમ ૨૦૦૫
અન્વયે ઝેરોક્ષ કોપી

રી-સરવે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતીઓ અન્વયે અરજદારશ્રી ની અરજી અન્વયે મોજે.ફલા તાલુકો.જામનગર જીલ્લો.જામનગર ના જુના સર્વે નં.૨૬૩ (જેના નવા સર્વે નં.૧૧૮૬,૧૧૮૭) ની સ્થાનીકે કરવામાં આવેલ માપણીનુ અસલ માપણી શીટ




| ક્રમ | નવા સર્વે | જુના સર્વે નંબર | અરજદાર શ્રી | જુના ૭X૧૨ | રી-સર્વે પ્રમોલગેશન | કબજા મુજબ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|
| 1 | 1186 | 263/p1 | ગોપાલપુંજા | 7588.00 | 7816.18 | 7588.00 |
| 2 | 1187 | 263/p2 | શાંતીલાલ પુંજાભાઇ | 7467.00 | 7514.93 | 7467.00 |
| કુલ ક્ષેત્રફળ | | | | 15075.00 | 15131.11 | 15075.00 |

નકલ અરજી આપ્યા તારીખ :-
નકલ તૈયાર કર્યા તારીખ :-
નકલ આપ્યા તારીખ :-
કોપીંગ રૂા. :-
કમ્પેરીંગ રૂા. :-
સરચાર્જ રૂા. :-
પે. કાગળ ફી રૂા. :-
ઘરછોડ :-
કુલ :-

તૈયાર કરનાર
સીનીયર

સમજુતી :-
(૧) કાળી તુટક લીટી તથા લાલ સળંગ લીટી મુજબ સ્થાનીકે કબજેદારની પ્રત્યક્ષ બતાવણી મુજબના વગડે કબજા ભોગવટા આવેલ છે.
(૨) કાળી સળંગ લીટી મુજબ રી-સર્વે પ્રમોલગેશન મુજબના રેકર્ડ મુજબ સર્વે નંબરની હદ થાય છે.
(૩) બ્લુ સળંગ લીટી મુજબ જુના રેવન્યુ સર્વે નં.૨૬૩ ના મુળ માપણીના સંકુ ટીપણ ની હદ થાય છે.
(૪) બ્લુ સળંગ લીટી તથા લાલ સળંગ લીટી મુજબની હદ દુરસ્તી કરી અમલ કરવા પાત્ર છે.
(૫) સદરહુ પ્રકરણ ની દફતરી કામગીરી જિલ્લા રી-સર્વે ક્ષતિ સુધારણા ટીમ દ્વારા રજુ થયેલ ડેટા આધારે કરવામાં આવે છે.
(૬) સ્થાનીકે ગ્રાઉન્ડ કંટ્રોલ પોઇન્ટ ઉપલબ્ધ ન હોય સદરહુ માપણી ''0'' રેફરન્સથી સુપ્રિમપોઝ કરવામાં આવેલ છે.

N

સ્કેલ :- ૧સેમી = ૧૦મીટર
મા.તા. :- ૧૨/૦૫/૨૦૧૭
મા.ક. :- જિલ્લા રી-સર્વે ક્ષતિ સુધારણા ટીમ

કચેરીમાંથી મળેલ પ્રકરણ નકશા સ્કેન તથા કોમ્પ્યુટર આધારીત કોમ્પ્યુટરમાં કચેરી ની સુચના મુજબ નકશો તૈયાર કરનાર

દફતરી કરનાર ટીમના સભ્યની સહી

સિનીયર સરવેયર સહી


(૨૭૨)

# રી-સરવે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતીઓ અન્વયે અરજદારશ્રી ની અરજી અન્વયે મોજે.ખીજડીયા તાલુકો.જામનગર જીલ્લો.જામનગર ના જુના સર્વે નં.૧૪૫ (જેના નવા સર્વે નં.૪૫૬) ની સ્થાનીકે કરવામાં આવેલ માપણીનુ અસલ માપણી શીટ

નકલ અરજી આપ્યા તારીખ :-
નકલ તૈયાર કર્યા તારીખ :- ૯૭/૧૧/૧૯
નકલ આપ્યા તારીખ :-
કોપીંગ રૂ. :- ૧૩૧/-
કમ્પેરીંગ રૂ. :-
સરચાર્જ રૂ. :-
પે. કાગળ ફી રૂ. :- ૧
પરચેઝ :- ૧
કુલ :- ૧૩૧/-

ખરી નકલ
ટાઈપ કરનાર
ઉતારા કરનાર
ડી.ઇ.લે.રે. કચેરી
જામનગર.

ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્સ (જમી.માપ.)
જામનગર




| ક્રમ | નવા સર્વે નંબર | જુના સર્વે નંબર | અરજદાર શ્રી | જુના ૭X૧૨ મુજબ ક્ષેત્રફળ | રી-સર્વે પ્રમોલગેશન મુજબ | કબજા મુજબ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|
| 1 | 456 | 145 | નરેશકુમાર રતિલાલ પરમાર,વિજય રતિલાલ પરમાર,કર્ષદ રતિલાલ પરમાર | 9510.00 | 9209.00 | 9510.00 |
| કુલ ક્ષેત્રફળ | | | | 9510.00 | 9209.00 | 9510.00 |

N

સ્કેલ :- ૧સેમી = ૧૦મીટર
મા.તા. :- ૧૧/૦૯/૨૦૧૭
મા.ક. :- જિલ્લા રી-સર્વે
ક્ષતિ સુધારણા ટીમ

સમજુતી :-
(૧) આછી તુટક લીટી મુજબ સ્થાનીકે અરજદારની પ્રત્યક્ષ બતાવણી મુજબના વગરે કબજા ભોગવટા આવેલ છે.
(૨) આછી સળંગ લીટી મુજબ રી-સર્વે પ્રમોલગેશન મુજબના રેકર્ડ મુજબ સર્વે નંબરની હદ થાય છે.
(૩) બ્લુ સળંગ લીટી મુજબ જુના રેવન્યુ સર્વે નંબર ૧૪૫ ના મુળ માપણીના શંકુ ટીપણ ની હદ થાય છે.
(૪) બ્લુ સળંગ લીટી મુજબ ની હદ દુરસ્તી કરી પ્રમાણ કરવા પાત્ર છે.
(૫) સદરહુ પ્રકરણ ની ક્ષતતી પ્રમાણીત આઈ.આઈ.સી ટેકનોલોજી રી-સર્વે એજન્સી દ્વારા રજુ થયેલ ડેટા આધારે કરવામાં આવે છે.
(૬) સ્થાનીકે ગ્રાઉંડ કંટ્રોલ પોઈન્ટ ઉપલબ્ધ ન હોય સદરહુ માપણી "૦" રેફરન્સથી સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

રેકર્ડમાંથી મળેલ માહિતી અને સ્થાનિક પરિસ્થિતિ મુજબ પ્રમાણપત્ર તૈયાર કરવામાં આવ્યું

ક્ષતી સુધારણા ટીમ સભ્યની સહિ.
નિરીક્ષક કરનાર ની સહિ.